નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણને
નિયંત્રણમાં લાવવાં લેવાના થતા નિવારાત્મક
પગલાઓ અન્વયે ગેરહાજર રહેલ આઉટસોર્સ
કર્મચારીઓના પગારના ચૂકવણા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: પરચ /૧૦૨૦૧૮/૩૯૯૧૬૯/ખ-3
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૧૫/૦૪/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ભારત સરકારનો નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગનો તા.૨૩/03/૨૦૨૦ નો કાર્યાલય આદેશ
(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ-3
(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૧/૦૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/(૨)/ખ-3
(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૬/૦૬/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૧૩/૫૯૪/ખ-3
(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૨/૦૭/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક: લપક-૧૧/૨૦૧૪/૮૯૪૦૬૮/ખ-3
(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૦/૦૭/૨૦૧૯ નો પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૮/૩૯૯૧૬૯/ખ-3
(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૫/03/૨૦૨૦ નો પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૨૦/૫૦૧/ટ

પરિપત્ર:

સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/(૧)/ખ-3 અને તા.૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક: મકમ/૨૦૦૪/૨૫૩૯/(૨)/ખ-3 થી સરકારી કચેરીઓમાં અનુક્રમે સુવિધા વ્યવસ્થાપન સેવા તથા વાહન સુવિધા અને વાહન હંકારનારની સેવાઓ આઉટસોર્સ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૬/૦૬/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૧૩/૫૯૪/ખ-3 અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૨/૦૭/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: લપક-૧૧/૨૦૧૪/૮૯૪૦૬૮/ખ-3 થી સચિવાલયના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓ દ્વારા તેમના વિભાગ/કચેરી ખાતે ગુજરાતી/અંગ્રેજી સ્ટેનોગ્રાફરની મંજૂર થયેલી જગ્યા સામે અંગ્રેજી તેમજ ગુજરાતી સ્ટેનોગ્રાફરની સેવાઓ ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે આઉટસોર્સ એજન્સીઓ મારફત લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તાજેતરમાં ફેલાયેલ નોવેલ કોરોના વાઇરસ (COVID-19) સંબંધમા ભારત સરકાર તથા ગુજરાત સરકાર દ્વારા નાગરિકોએ લેવાને થતી તકેદારીઓ અન્વયે તા.૨૫/03/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૨૦-૫૦૧-ટ થી નોવેલ કોરોના વાઇરસ (COVID-19) ના સંક્રમણ ને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી

આપવામાં આવેલ સૂચનાઓ અન્વયે, જાહેર હિતમાં રાજ્ય સરકારની આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સરકારી કચેરીઓ સિવાયની તમામ કચેરીઓ તા.૨૫/૦૩/૨૦૨૦ થી તા.૧૪/૦૪/૨૦૨૦ સુધી બંધ રહેશે.

ઉક્ત ક્રમ-૧ મા વંચાણે લીધેલ ભારત સરકારના નાણાં મંત્રાલયના ખર્ચ વિભાગના તા.૨૩/૦૩/૨૦૨૦ ના કાર્યાલય આદેશ અન્વયે, આ પરિસ્થિતિમાં આઉટસોર્સીંગ એજન્સીઓને તેઓની એજન્સીમાં કામ કરતા તમામ આઉટસોર્સીંગ કર્મચારીઓને તેમના પગારમાં ઘટાડો ના કરવા સૂચના આપવામાં આવેલ છે.

ઉપરની વિગતે લોકડાઉનના આ સમયગાળા અને હવે પછી વર્તમાન પરિસ્થિતિ સબબ સરકારી કચેરીઓ બંધ રાખવાના સરખા પ્રકારના કોઇ પરિપત્રો રવાના કરવામાં આવે તેમાં નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન સરકારી કચેરીઓમાં કચેરી વ્યવસ્થાપન, વાહન હંકારનારની સેવાઓ તથા ડેટા એન્ટ્રી ઓપરેટરની સેવાઓ (સ્ટેનોગ્રાફરની કામગીરી માટેના ડેટા એન્ટ્રી ઓપરેટરર્સ સહિત) આઉટસોર્સ કરવામાં આવી હોય તે અંતર્ગત સરકાર દ્વારા જાહેર કરેલા લોકડાઉન દરમ્યાન વ્યકિતઓએ કામગીરી બજાવી છે તેમ ગણીને આઉટસોર્સીંગ એજન્સીઓએ તેઓની ગેરહાજરીને હાજરી ગણીને નિયમાનુસાર ચૂકવણું કરવાનું રહેશે.

રાજયના બોર્ડ / નિગમો, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ તથા અનુદાનિત સંસ્થાઓને આ પરિપત્રની સુચનાઓ લાગુ પડશે.

રાજ્ય સરકારના અન્ય વિભાગો કે જેઓ ઉપરોકત સેવાઓ સિવાય અન્ય કોઇ સેવાઓ આઉટસોર્સ કરતા હોય તેઓએ આ સેવાઓ માટે સમાન ધોરણે સૂચનાઓ પ્રસિધ્ધ કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૪.૪.૨૦૨૦ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલ દયાની)
અગ્ર સચિવ (ક.ગ.)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:

- નામદાર રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી, સ્વર્ણિમ- ૧ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અધિક અંગત સચિવશ્રી, સ્વર્ણિમ- ૧ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

- તમામ મંત્રીશ્રીઓ/રા.ક. મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર
- માન. ઉપાધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. મુખ્ય દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- માન. નાયબ દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનુ કાર્યાલય, સચિવાલય
- અગ્ર સચિવશ્રી (ક.ગ.) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણાં) ના અગ્ર રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- * રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ. (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત લોકાયુક્તશ્રી, ગાંધીનગર (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત માહીતી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત માનવ અધિકાર આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- * સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવ, ગુજરાત મુલકી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટિકસ લી, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- નિવાસી આયુકતશ્રી, નવી દીલ્હી.
- માહિતી નિયામકશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સર્વે ખાતાના વડાઓ.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- પસંદગી ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ